# B.Com Sem – 2 Assignment Topics.

| ક્રમ | વિષય | ટોપીક્સ |
|---|---|---|
| 1 | અંગ્રેજી | 1. Write a Story of " Living or Dead ? " in Your Language<br>2. Write a Story of " The Letter " in Your Language |
| 2 | અર્થશાસ્ત્ર-2 | 1. ટૂંકા ગાળામાં કિમત અને ઉત્પાદન નિર્ધારણ તથા પેઢી અને ઉદ્યોગની સમતુલા સમજાવો.<br>2. ઈજારાના કારણો અને પ્રકારો સમજાવો. |
| 3 | વાણિજ્ય વ્યવસ્થા અને સંચાલન-2 | 1. દોરવણીનો અર્થ અને લક્ષણો સમજાવી દોરવણીના માર્ગદર્શક સિધ્ધાંતોની ચર્ચા કરો.<br>2. પ્રેરણા અર્થની સમજ આપી લક્ષણ અને મહત્વ જણાવો |
| 4 | કંપની કાયદો-2 | 1. કંપની સેક્રેટરીની વ્યાખ્યા આપી જરૂરી લાયકાતો અને ગુણો વિગતવાર સમજાવો<br>2. કંપનીની સભાનો અર્થ સમજાવી- કંપનીની સભાના પ્રકારો સવિસ્તાર સમજાવો. |
| 5 | વ્યક્તિગત વેચાણ અને વેચાણ કળા-2 | 1. વેચાણ મેનેજરની લાયકાતો –ગુણો સમજાવો.<br>2. વેચાણ પદ્ધતિઓ અથવા વિતરણ માર્ગો સમજાવો. |
| 6 | E-Commerce & Use of RDBMS (MSAccess) | 1. MS Access માં રિલેશનશિપ એટલે શું? તેના પ્રકારો જણાવો<br>2. MS Access માં ફિલ્ડ પ્રોપર્ટી કઈ કઈ છે? કોઈ પણ ત્રણ વિશે ચર્ચા કરો |
| 7 | બિઝનેશ મેનેજમેન્ટ-2 (ઉત્પાદન સંચાલન ) | 1. ઉત્પાદન સંચાલન એટલે શું ? તેનું કાર્યક્ષેત્ર સમજાવો.<br>2. સ્થાન-પસંદગી એટલે શું ? સ્થાન-પસંદગીને અસર કરતા પરિબળોની ચર્ચા કરો. |

## 8 નાણાકીય હિસાબી પદ્ધતિ

1. A અને B ની ભાગીદારી પેઢીનો ધંધો કંપનીમાં રૂપાંતરનાં હેતુસર ખરીદી લેવા ઓરપેટ લિમિટેડની સ્થાપનાં કરવામાં આવી. કંપનીની સત્તાવાર થાપણ 10% નાં 5,000 પ્રેફરન્સ શેર દરેક રૂ. 100 નો તેવાની તથા 10,000 ઈક્વિટી શેર દરેક રૂ. 100નો તેવાની બનેલી છે. તા. 1-4-2014 નાં રોજનું ભાગીદારી પેઢીનું પાકું સરવૈયું નીચે મુજબ છે.

| મુડી દેવા | | રકમ રૂ. | મિલકત લેણા | રકમ રૂ. |
|---|---|---|---|---|
| મુડી | | | જમીન-મકાન | 2,80,000 |
| A | 1,50,000 | | મશીનરી | 1,20,000 |
| B | 1,50,000 | 3,00,000 | ફર્નિચર | 90,000 |
| સામાન્ય અનામત | | 80,000 | કમ્પ્યુટર્સ | 60,000 |
| A ની લોન | | 1,50,000 | રોકાણો | 80,000 |
| લેણદારો | | 1,50,000 | સ્ટોક | 1,40,000 |
| કારીગર બચત ખાતા | | 1,40,000 | દેવાદારો | 80,000 |
| બાકી ખર્ચના લેણદારો | | 30,000 | બેંક | 70,000 |
| દેવીહુંડીઓ | | 50,000 | જાહેરાત ઉપલક ખાતું | 10,000 |
| મશીનરી ઘસારા ભંડોળ | | 30,000 | | |
| | | 9,30,000 | | 9,30,000 |

રૂપાંતર યોજના મુજબ ધંધાની ખરીદીની શરતો નીચે મુજબ છે.

(1) ઓરપેટ લિ. એ મિલકતો નીચે મુજબ લેવી.
પાઘડી રૂ. 1,00,000, જમીન-મકાન રૂ. 3,50,000 મશીનરી રૂ. 2,00,000 અને કમ્પ્યુટર્સ સિવાયની બાકીની તમામ વાસ્તવિક મિલકતો ચોપડા કિંમતે લેવી.

(2) ઓરપેટ લિ.એ A ની લોન અને બાકી ખર્ચાના લેણદારો સિવાય તમામ લેવાઓ પણ લઇ લેવા.

(3) ખરીદ કિંમત પેટે ઓરપેટ લિ. નાં 10 % નાં રૂ. 1,50,000 ના ડિબેન્ચર્સ અને બાકીની રકમ માટે ઓરપેટ લિ. ઈક્વિટી શેર અને પ્રેફરન્સ શેર 3 : 2 ના પ્રમાણમાં આપી ચુકવવામાં આવેલ. ભાગીદારોએ શેર નફા-નુકશાનનાં પ્રમાણમાં વહેંચી લીધા.

(4) પેઢીએ A ની લોનની ચૂકવણી પેટે ઉક્ત 10% ના ડિબેન્ચર્સ A ને આપેલ. B કમ્પ્યુટર્સ લઈ ગયેલ, જ્યારે A બાકી ખર્ચ ચૂકવી આપેલ.

(5) ઓરપેટ લિ. એ 10 % નાં 1,000 પ્રેફરન્સ શેર 10% નાં વટાવથી અને 2,000 ઈક્વિટી શેર 10% નાં પ્રીમિયમે જાહેર જનતા માટે બહાર પાડેલ, જે બંને સંપૂર્ણ ભરપાઈ થયા હતા. શેર ઈશ્યુ ખર્ચ રૂ. 5,000 થયો હતો.
આ માહિતી પરથી જરૂરી ગણતરીનાં આધાર સાથે પેઢીના ચોપડે નીચેના ખાતાઓ તૈયાર કરો.
(1) માલ-મિલકત નિકાલ ખાતું
(2) ભાગીદારોના મૂડી ખાતા
(3) A ની લોનનું ખાતું
(4) ઓરપેટ લિ. નું ખાતું
(5) ઓરપેટ લિનાં ઈ. શેર, પ્રેફરન્સ શેર અને ડિબેન્ચર્સનું ખાતું તૈયાર કરો.

2. ઈશાંત અને ઈરફાન 5 : 3 નાં પ્રમાણમાં નફો-નુકસાન વહેંચી લેતા ભાગીદારોની પેઢીએ તા. 31-3-2014 નાં રોજ પેઢીનો ધંધો હિન્દુસ્તાન લીમીટેડને વેચ્યો. તેઓની પેઢીનું તે તારીખનું પાકું સરવૈયું નીચે મુજબ હતું.

| મુડી દેવા | | રકમ રૂ. | મિલકત લેણા | રકમ રૂ. |
|---|---|---|---|---|
| મુડી | | | જમીન-મકાન | 3,60,000 |
| ઈશાંત | 3,00,000 | | મશીનરી | 90,000 |
| ઈરફાન | 1,80,000 | 4,80,000 | કમ્પ્યુટર્સ | 30,000 |

| | | | |
|---|---|---|---|
| અનામત ભંડોળ<br>બેંક લોન<br>લેણદારો<br>પ્રોવિડન્ટ ફંડ | 84,000<br>60,000<br>63,000<br>18,000 | રોકાણો<br>દેવાદારો<br>અર્ધ તૈયાર માલ સ્ટોક<br>તૈયાર માલ સ્ટોક<br>રોકડ | 60,000<br>90,000<br>30,000<br>30,000<br>15,000 |
| | 7,05,000 | | 7,05,000 |

બંને પક્ષે નીચે મુજબ સમજુતી થયેલ હતી.

(1) પાઘડી રૂ. 51,000 ની કિંમતે ગણવી.

(2) જમીન અને મકાન, અર્ધ તૈયાર માલનો સ્ટોક, તૈયાર માલનો સ્ટોક અને દેવાદારોની કિંમત અનુક્રમે રૂ. 3,90,000 , રૂ. 40,000 રૂ. 50,000 અને રૂ. 75,000 ગણવી.

(3) રોકડ અને રોકાણો સિવાય કંપનીએ અન્ય મિલકતો તેમજ બાકીનાં દેવા ચોપડે કિંમતે લેવા.

(4) ખરીદ કિંમત પેટે રૂ. 10 નો એક એવા 36,000 ઈક્વિટી શેર 25% જામીનગીરી પ્રીમિયમથી અને બાકીની રકમ રોકડમાં ચુકવવામાં આવી.

(5) વિસર્જન ખર્ચ રૂ. 3,000 થયો.

(6) પેઢીએ રોકાણો રૂ. 9,000 ખોટથી વેચ્યા.

પેઢીના ચોપડે તૈયાર કરો.

(i) માલ મિલકત નિકાલ ખાતું

(ii) ભાગીદારોના મૂડી ખાતા

(iii) રોકડ/બેંક ખાતું

(iv) હિન્દુસ્તાન લિ. નું ખાતું

(v) હિન્દુસ્તાન લિ. નાં ઈક્વિટી શેર્સનું ખાતું

## 9. નામા પદ્ધતિ-2

1. શ્રી વિવેકે તા. 1-1-2014 નાં રોજ શ્રી વિજય પાસેથી એક યંત્ર હપ્તા ખરીદ પદ્ધતિથી ખરીદ્યું. આ અંગેની શરતો નીચે મુજબ હતી.

(1) રોકડ કિંમત .................................................................. 2,00,000

(2) કરાર વખતે ચૂકવેલ રકમ................................................ 40,000

(3) તા. 31-12-2014 ના રોજ ચૂકવેલ રકમ............................. 56,000

(4) તા. 31-12-2015 ના રોજ ચૂકવેલ રકમ.................................. 52,000

(5) તા. 31-12-2016 ના રોજ ચૂકવેલ રકમ.................................. 48,000

(6) તા. 31-12-2017 ના રોજ ચૂકવેલ રકમ................................. 44,000

(7) વ્યાજનો વાર્ષિક દર............................................................ 10 %

(8) દર વર્ષે મૂળ કિંમત પર 10 % લેખે ઘસારો કાપવાનો છે.

ખરીદનાર શ્રી વિવેક અને વેચનાર શ્રી વિજયના ચોપડામાં જરૂરી ખાતાઓ તૈયાર કરો.

2. તા. 1-4-2012 ના રોજ બેગમે બાદશાહ પાસેથી એક લેપટોપ હપ્તા ખરીદ પદ્ધતિથી રૂ. 40,000 માં ખરીદ્યું અને નીચે મુજબ ચુકવણી કરી :

કરાર વખતે રૂ. 8,000

તા. 31-3-2013 ના રોજ પ્રથમ હપતો રૂ. 16,000

તા. 31-3-2014 ના રોજ બીજો હપતો રૂ. 8,000

તા. 31-3-2015 ના રોજ ત્રીજો હપતો રૂ. 8,000

લેપટોપની રોકડ કિંમત રૂ. 34,400 છે. લેપટોપ ઉપર ઘટતી જતી બાકીની રીતે વાર્ષિક 10% લેખે ઘસારો ગણવાનો છે. બેગમ અને બાદશાહનું હિસાબી વર્ષ 31 મી માર્ચના રોજ પૂરું થાય છે.

બેગમના ચોપડે મિલકત ખાતું અને વેચનારનું ખાતું અને વ્યાજ ઉપલક ખાતું તૈયાર કરો અને ત્રીજા હપતા બાદ લેપટોપ ખાતાની બાકી પાકા સરવૈયામાં દર્શાવો.